


# આપણે ભિન્ન છીએ

આશિષ રાયચૂર

મફત વિતરણ માટેજ
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા મુદ્રિત અને વિતરિત કરવામાં આવ્યું.
પ્રથમ આવૃતિ: ઓક્ટોબર 2005,
સુધારેલી આવૃતિ: October 2021

સંપર્ક:

All People Church & World Outreach,
# 319, 2nd Floor, 7th Main, HRBR layout, 2nd Block,
Kalyan Nagar, Bangalore – 560043, Karnataka, India.

Phone: +91-80-25452617
Email: bookrequest@apcwo.org.
Website: apcwo.org

Unless otherwise indicate, all scripture, quotations are taken from the Holy Bible, New King James Version. Copyright © 1982 by Thomas Nelson, Inc., Used by permission. All Rights reserved.

Biblical definitions, Hebrew and Greek words and their meanings are drawn from the following resources:
Thayer's Greek Definitions. Published in 1886, 1889; public domain.
Strong's Hebrew and Greek Dictionaries, Strong's Exhaustive Concordance by James Strong, S.T.D., L.L.D. Published in 1890; public domain.
Vine's Complete Expository Dictionary of Old and New Testament Words, © 1984, 1996, Thomas Nelson, Inc., Nashville, TN.

નાણાકીય ભાગીદારી:

ઓલ પીપલ્સ ચર્ચના સભ્યો, ભાગીદારો અને મિત્રોની નાણાકીય મદદ દ્વારા આ પ્રકાશનનું મફત વિતરણ શક્ય બન્યું છે. જો તમે આ પુસ્તક દ્વારા આશીર્વાદિત થયા છો તો અમે આપને આ પુસ્તકનાં છાપકામ અને વિતરણ અર્થે નાણાકીય સહકાર માટે આંમત્રીત કરીએ છીએ. કૃપા કરી આ પુસ્તકનાં અંતિમ ભાગમાં આપેલ વેબ સાઇટ એડ્રેસ, apcwo.org, પર સંપર્ક કરી શકો છો. આભાર.

ટપાલ યાદી:

જો આપ આ પુસ્તક કે હવે પછી પ્રકાશિત થનાર પુસ્તકો મેળવવા માગો છો તો કૃપા કરી આપનું નામ, સરનામું અને અન્ય વિગતો Email: bookrequest@apcwo.org પર મોકલી શકો છો.

# આપણે ભિન્ન છીએ

# સમાવિષ્ટ


1. અંધકારમાથી તેમના પ્રકાશમાં તેડયા 1

2. દુન્યવી સંસ્કારો વિરુદ્ધ દેવનાં વચન 6

3. આપણે ભિન્ન છીએ 8

# 1. અંધકારમાથી તેમના પ્રકાશમાં તેડયા

1લો પિતર 2:9
**પણ તમે તો પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર પ્રજા તથા [પ્રભુના] ખાસ લોક છો કે, જેથી જેણે અંધકારમાથી પોતાનાં આશ્ચર્યકારક પ્રકાશમાં [આવવાનું] આમંત્રણ આપ્યું છે, તેનાં સદગુણો તમે પ્રગટ કરો.**

તમે અને હું પ્રભુનાં "પોતાનાં ખાસ લોક" છીએ. જો તમે ખ્રિસ્તી-વિશ્વાસી-છો, તો તમે લાયક છો! બાઇબલ કારણ આપતા જણાવે છે કે આપણે "પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર પ્રજા, અને તેનાં પોતાનાં ખાસ લોક " કેમ કે આપણે એ દેવનાં, જેમણે આપણને અંધકારમાથી પોતાનાં આશ્ચર્યકારક પ્રકાશમાં તેડયા છે તેમની, અદ્દભૂતતા અને મહાનતાને પ્રગટ કરવાની છે, જાહેર કરવાની છે, અને લોકો સમક્ષ રજૂ કરવાની છે. તેથી, જ્યારે લોકો આપણને, ખ્રિસ્તી વિશ્વાસીઓને, જુએ ત્યારે તેઓ અદ્દભૂત, સદગુણી, સંપૂર્ણ, અને મહાન દેવને જુએ છે જેઓએ આપણને તેડયા છે. હું અને તમે આ પૃથ્વી પર દેવને ઉત્તમ રીતે પ્રદર્શિત કરવા માટે છીએ!

બાઇબલ કહે છે કે આપણને "અંધકારમાથી તેમનાં દિવ્ય પ્રકાશમાં" તેડવામાં આવ્યા છે. આપણે અગાઉ, અંધકારના વાતાવરણમાં જીવતા હતાં. જે વાતાવરણે આપણી વિચારવાની પ્રક્રિયા, આપણું વર્તન, આપણી સંસ્કૃતિ વિગેરેનું ઘડતર કર્યું છે. પરંતુ, દેવે આપણને તેમાથી ખેંચી કાઢ્યાં છે અને પોતાનાં આશ્ચર્યકારક પ્રકાશમાં તેડયા છે. હવે, દેવનો દિવ્ય પ્રકાશ આપણું વાતાવરણ છે, જે આપણી વિચાર પ્રક્રિયા, વર્તન અને સંસ્કૃતિનું નવેસરથી ઘડતર કરે છે. અને તેથી આપણે અંધકારમાં નહીં, પરંતુ દેવનાં દિવ્ય પ્રકાશમાં જીવીએ છીએ જેથી આપણે ખરેખર ભિન્ન છીએ. આમેન!

## અંધકાર-નવા કરારમાં દર્શાવ્યા પ્રમાણે

### એવું સ્થળ જ્યાં દુષ્ટ કૃત્યો કરનાર સંતાઇ જાય છે

યોહાન 3:19
**અપરાધી ઠરાવવાનું કારણ એ છે કે, જગતમાં અજવાળું આવ્યા છતાં માણસોએ અજવાળા કરતાં અંધારાને ચાહયું; કેમ કે તેઓના કામ ભૂંડા હતાં.**
માણસોએ અજવાળા કરતાં અંધારાને વધુ ચાહયું કેમ કે તેઓના કામ ભૂંડા હતાં. તેથી અંધારું એવી જગ્યા છે જ્યાં ભૂંડા કાર્યો કરનારા સંતાવાનું પસંદ કરે છે.

## શેતાનનું સામર્થ્ય

**પ્રેરિતોના કૃત્યો 26:18**
**કે, તું તેઓની આંખો ઉઘાડે, અને તેઓને અંધારામાથી અજવાળામાં, અને શેતાનની સત્તા નીચેથી દેવની તરફ ફેરવે, જેથી તેઓ પાપની માફી તથા જેઓ મારા પરનાં વિશ્વાસથી પવિત્ર થયાં છે, તેઓમાં વારસો પામે.**

પ્રભુએ પાઉલને કહ્યું, "હું ચાહું છું કે તું લોકોને અંધકારમાથી પ્રકાશમાં લાવે; શેતાનની સતા નીચેથી દેવની પાસે લાવે.' તેથી "અંધકાર" શબ્દને શેતાનના સામર્થ્ય તરીકે ગણવામાં આવ્યો છે.

## જેઓ આત્મિક રીતે અંધ છે

**રોમન 2:19**
**અને પોતાના વિષે નિશ્ચયપૂર્વક માને છે કે, હું આંધળાઓને દોરનાર તથા જેઓ અંધકારમાં છે તેઓને પ્રકાશ આપનાર,**

## અવિશ્વાસીઓનું ક્ષેત્ર

**2જો કરીન્થી 6:14-15**
**14 અવિશ્વાસીઓ સાથે અઘટિત સબંધ ન રાખો: કેમ કે ન્યાયીપણાને અન્યાયીપણાની સાથે સોબા કેમ હોય?**
**15 ખ્રિસ્તને બલિયાલની સાથે શો મિલાપ હોય? કે વિશ્વાસીને અવિશ્વાસીની સાથે શો ભાગ હોય?**

2જા કરીન્થીના 6:14 અને 15 માં જે "અંધકાર" શબ્દ વાપરવામાં આવ્યો છે તે અવિશ્વાસીઓના ક્ષેત્ર કે વિસ્તાર-અન્યાયીપણાનાં કે શેતાનનાં સામર્થ્યના સંદર્ભમાં છે.

## અંધકારના શૈતાની સત્તાધીશો

**એફેસી 6:12**
**કેમ કે આપણું આ યુદ્ધ રક્ત અને માંસની સામે નથી, પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓની સામે, આકાશી સ્થાનોમાં દુષ્ટતાના આત્મિક [લશ્કરોની] સામે છે.**

આપણે અંધકારના શેતાનો-અંધકારના સત્તાધારીઓ સામે યુદ્ધ કરીએ છીએ. તેથી અંધકારને ફરી એકવાર, શેતાની અધિકાર ક્ષેત્ર સાથે સરખાવવામાં આવે છે. ખરેખર તે વાતાવરણમાં રહેવું જરાપણ યોગ્ય નથી જ!

# પ્રકાશ-જે રીતે નવા કરારમાં સમજાવવામાં આવેલ છે

વિશ્વાસીઓ તરીકે આપણ સર્વને સુસમાચાર છે કે આપણને અંધકારમાથી દેવના પ્રકાશમાં તેડવામાં આવ્યા છે.

## ઇસુ પોતે પ્રકાશ છે

જેઓ ઇસુની પાછળ ચાલે છે તેઓ અંધકારમાં ચાલતા નથી.

**યોહાન 8:12**
**ઇસુએ ફરી તેઓને કહ્યું કે, જગતનું અજવાળું હું છું; જે મારી પાછળ આવે છે, તે અંધકારમાં નહીં ચાલશે, પણ જીવનનું અજવાળું પામશે.**

**યોહાન 12:46**
**જે કોઈ મારા પર વિશ્વાસ રાખે છે તે અંધકારમાં ન રહે, માટે જગતમાં હું પ્રકાશરૂપે આવ્યો છું.**

## પ્રભુ ઇસુનું રાજ્ય

અજવાળાને પ્રભુ ઈસુના રાજ્ય સાથે સરખાવવામાં આવેલ છે.

**કોલોસી 1:13**
**તેણે અંધકારના અધિકારમાથી આપણને છોડાવ્યા તથા પોતાના પ્રિય પુત્રનાં રાજ્યમાં આણ્યાં.**

## દિવસના બાળકો

**1લો થેસ્સાલોનીકી 5:5**
**તમે સઘળાં અજવાળાના દીકરા તથા દહાડાના દીકરા છો; આપણે રાતના તથા અંધકારના નથી.**

દેવ પ્રકાશ છે અને તેનામાં અંધકાર નથી. તેથી નવા કરારમાં વાપરવામાં આવેલ “પ્રકાશ” કે “અજવાળું” શબ્દ દેવનાં અધિકારક્ષેત્રનો ઉલ્લેખ કરે છે.

**1લો યોહાન 1:5-6**
**5હવે જે સંદેશો અમે તે[ના મોં]થી સાંભળ્યો છે, અને તમને જણાવીએ છીએ, તે એ છે કે દેવ પ્રકાશ છે, અને તેનામાં કઈ પણ અંધકાર નથી.**
**6 જો આપણે કહીએ કે, તેની સાથે આપણી સંગત છે, અને અંધકારમાં ચાલીએ, તો આપણે જૂઠું બોલીએ છીએ,**

**અને સત્યથી વર્તતા નથી;**

**એફેસીઓને પત્ર 5:8,11**
**8 કેમ કે તમે પહેલાં અંધકારરૂપ હતા, પણ હવે પ્રભુમાં પ્રકાશરૂપ છો; પ્રકાશનાં સંતનોને ઘટે તેમ ચાલો.**
**11 વળી અંધારાનાં નિષ્ફળ કામોના સોબતીઓ ન થાઓ, પણ ઊલટું તેઓને વખોડો;**

એક સમયે આપણે અંધકાર હતા, પણ હવે આપણે પ્રભુમાં પ્રકાશ છીએ. જેથી આપણે હવેથી અંધકારના અનુત્પાદક કાર્યોમાં ભાગ લેવાનો નથી.

**રોમનોને પત્ર 12:1-2**
**1 તેથી, ભાઇઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે, દેવની દયાની ખાતર તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું, અર્પણ કરો; એ તમારી બુદ્ધિપૂર્વક સેવા છે.**
**2 આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચછા શી છે, તે તમે પારખી શકો.**

મેસેજ બાઈબલમાં આજ વચન કઈક આવી રીતે સમજાવે છે, "તમારી આસપાસનાં વાતાવરણમાં એટલાં બધા હળીમળી ન જાઓ કે વગર વિચાર્યે તમે તેને અનુરૂપ થઈ જાઓ." (રોમન 12:2A)

અનુરૂપ=એ પ્રમાણે થવું, કે અન્યના જેવુ દેખાવું.
જગતના લોકોની ટેવ, આદત, રૂઢીકરણી, કપડાં, કે જીવનશૈલીના સંદર્ભમાં છે.
વય (ઉંમર) 'એઇઓન'=વય કે ઉંમર, કે લોકોની પેઢી
પરિવર્તિત = બીજા જ પ્રકારે પરિવર્તિત થયેલ

વિશ્વાસીઓ તરીકે, આપણી જીવન જીવવાની રીતમાં વાસ્તવિક અને આમૂલ તફાવત હોવો જોઈએ. એકસમયે આપણે અંધકાર હતાં પણ હવે આપણે પ્રભુમાં પ્રકાશ છીએ અને તેથી આપણે અજવાળાનાં દીકરાઓને ઘટે તેમ ચાલવું જોઈએ. "ચાલવું" એ માત્ર ચીલાચાલું શબ્દ નથી પરંતુ તે આપણાં પૂર્ણ અસ્તિત્વના સંદર્ભમાં છે-આપણાં જીવનો, આપણી રહેણીકરણી, આપણું વર્તન, આપણાં જીવનનાં તમામ તાણાવાણાઓમાં તે ઓતપ્રોત છે-જેઓ અંધકારનો માર્ગ છોડીને પ્રકાશમાં ચાલવાનું શરૂ કરે છે તેઓ માટે આ એક પ્રકારે જીવન જીવવાની ઢબ બની જાય છે. જ્યારે આપણે પ્રકાશમાં ચાલીએ છીએ ત્યારે જેઓ અંધકારમાં ચાલે છે તેઓથી દોડીને આપણે આગળ નીકળી જવાનું હોય છે. કારણ કે જગત અંધકારમય છે પરંતુ આપણે પ્રકાશ છીએ, આપણે તેઓથી ભિન્ન છીએ. આપણે તેઓ માટે જાણે કે પરગ્રહવાસી છીએ, અને

એવું બને કે તેઓ આપણને સમજી ન શકે. શા માટે? કેમ કે આપણે પ્રકાશ છીએ! જેઓ અંધકારમાં છે તેઓથી આપણે સંપૂર્ણ રીતે ભિન્ન છીએ.

બાઇબલ આપણને અજવાળાનાં બાળકો તરીકે ચાલવા માટે સૂચના આપે છે. તેથી આપણે અંધકારમાં ચાલતા લોકોથી વિરુદ્ધ દિશામાં ચાલીશુ. આપણે ભિન્ન છીએ! અંધકારના ફળહીન કાર્યો સાથે આપણને કોઈ સોબત ન હોય, પણ આપણે તેઓને ઉઘાડા પાડવાના છે. આપણે અજવાળામાં ચાલવાનું છે કેમ કે આપણે અજવાળાનાં બાળકો છીએ. જેઓ અંધકારમાં જીવે છે તેઓ સાથે આપણે કોઈ સોબત કે લાગભાગ હોવો જોઈએ નહીં. જ્યારે આપણે 'સોબત" શબ્દની વાત કરીએ છીએ ત્યારે આપણે એક જ વહાણમાં બે ભિન્ન વ્યક્તિઓનું દ્રશ્ય જોઈ શકીએ છીએ! બાઇબલ આપણને જગતના વહાણમાં સામેલ ન થવા અંગે ચેતવણી આપે છે કેમ કે જેઓ અંધકારમાં છે તેઓ સાથે આપણને કોઈ સોબત ન હોવી જોઈએ. ઉલ્ટાનું આપણે તો તેઓને ખુલ્લા પાડવાના છે. આપણે આપણાં પોતાના, પ્રકાશના વહાણમાં, મુસાફરી કરવાની છે. જગત ભલે અંધકારના વહાણમાં મુસાફરી કરે, આપણે તેમાં કૂદી પડવાની જરૂર નથી. અંધકારના કાર્યો સાથે આપણને કોઈ નિસ્બત હોવી ઘટારત નથી. અંધકારમાં જીવતાં લોકો જે કાર્યો કરે છે તેની સાથે આપણે કોઈ લાગભાગ કરી કરી શકીએ નહીં, કેમ કે આપણે પ્રકાશ છીએ.

દેવનું વચન આપણને જગતનું રૂપ ધારણ કરવાની મનાઈ ફરમાવે છે બલ્કે રૂપાંતરણ પામવાનું કહે છે. "રૂપાંતરણ" શબ્દ ગ્રીક શબ્દ "મેટમોર્ફોસ" શબ્દ પરથી આવે છે. ઇયળ અને પતંગિયા વચ્ચેનો ભેદ છે. અને તેથી આપણે તદ્દન ભિન્ન પ્રકારે વિચાર અને વર્તનમાં રૂપ ધારણ કરવાનું છે. આપણે આ જગતના ફેશન, દેખાવ, આદત, ટેવ, જીવનશૈલી, ઢબ કે વર્તનના રૂપ ધારણ કરવાના નથી.

જ્યારે આપણે રૂપાંતરણ પામી છીએ ત્યારે આપણે વાસ્તવમાં આ જગતથી ભિન્ન પ્રકારે થઈએ છીએ. તેથી તમે અને હું આ જગત સમાન રહી શકતા નથી. આપણને દેવ દ્વારા રૂપાંતરણ પામવા માટે તેડવામાં આવ્યા છે નહીં કે આ જગતનું રૂપ ધારણ કરવા.

# 2. દુન્યવી સંસ્કારો વિરુદ્ધ દેવનાં વચન

## આપણે જે સમાજમાં જીવીએ છીએ તેના કરતાં દેવનું વચન વધુ અધિકૃત છે

આપણે એ સમજવું પડશે કે જે સમાજમાં આપણે જીવીએ છીએ તે પ્રકાશ કરતાં અંધકારથી વધુ પ્રભાવિત છે. આપણે જગતના રીતિરિવાજોથી જીવવાનું નથી પણ અજવાળાના સંસ્કારો-દેવના રાજ્યના સંસ્કારો કે જેનો આપણે હિસ્સો છીએ તે પ્રમાણે જીવવાનું છે. "દેવના રાજ્યના સંસ્કારો" દેવના વચનમાં સ્પષ્ટપણે વર્ણવવામાં આવ્યા છે. જગતની રીત મુજબ જે સ્વીકાર્ય છે તે દેવના વચનની તદ્દન વિરુદ્ધ હોય શકે છે. આપણે તેના વચનને અનુસરીએ એવી દેવની અપેક્ષા છે. જ્યારે આપણે અજવાળાનાં દીકરાઓને ઘટે તેમ જીવીએ ત્યારે આપણે ભિન્ન છીએ. ત્યારે આપણે પવિત્ર કરાયેલી પ્રજા છીએ. ત્યારે આપણે દેવના ખાસ લોક છીએ કે જેઓ દેવની કે જેણે આપણને અંધકારમાથી પ્રકાશમાં આણ્યા તેની સ્તુતિને પ્રગટ કરે છે

**રોમનોને પત્ર 12:2અ**

**આ જગતનું રૂપ તમે ન ધરો;**

**વગર વિચાર્યે તમારી સંસ્કૃતિ કે સમાજના રિવાજોમાં એટલા બધા પણ ઓતપ્રોત ન થઈ જાવ કે તેના બંદી બની જવાય.**

સમાજ દ્વારા કરવામાં આવે છે તેથી કરવું પડે તેવી ભાવનાથી આપણે ઘણાં બધા ઘણી બધી બાબતો કરીએ છીએ. ભલે, પરંતુ, બાઇબલ આપણને સ્પષ્ટ રીતે ચેતવણી આપે છે કે આપણે વગર વિચાર્યે સમાજ કરે છે તે બધુ જ કરવું જોઈએ નહીં. કારણ કે દેવના વચનમાં જે કહેવામાં આવ્યું છે તે સમાજના રીતિરિવાજો કરતાં વધુ અગત્યનું છે. સમાજમાં કોઈ પ્રકારે રિવાજ છે જે બાઇબલ પ્રમાણે સુસંગત નથી કે તેની વિરુદ્ધ છે તો આપણી પાસે માત્ર એક જ ઉપાય છે કે આપણે બાઈબલને અનુસરવું કેમ કે દેવનું વચન સમાજના તે રિવાજને ખારીજ કરે છે. અને તેથી જ બાઇબલ આપણને કહે છે: "આ જગતનું રૂપ તમે ધારણ ન કરો" (રોમન 12:2એ).

"યુગ" માટે ગ્રીક ભાષામાં "એઈઓન" શબ્દ વાપરવામાં આવ્યો છે જે હાલના સમયનાં વર્તનને દર્શાવે છે. તમારી આસપાસના જગતના રૂપને તમે ધારણ કરશો નહીં બલ્કે પૂર્ણપણે રૂપાંતર

પામો. આ દેવનું સૂચન નહીં બલ્કે **આદેશ** છે. આમેન!

# 3. આપણે ભિન્ન છીએ

એવા બે ક્ષેત્રો છે જ્યાં તમે અને હું જગતથી ભિન્ન છીએ.

## આપણે સચ્ચાઈ અને પ્રમાણિકતાને સમર્પિત છીએ

જગત સચ્ચાઈ અને પ્રમાણિકતા અંગે બહુ ગંભીર નથી કારણ કે જગતના લોકો અંધકારમાં છે. પરંતુ બાઇબલ કહે છે તેમ આપણે પ્રકાશના લોકો છીએ, તેથી પ્રકાશના દીકરાઓને ઘટે તેમ ચાલવાનું છે, અને આપણે સચ્ચાઈ તથા પ્રમાણિકતાને સમર્પિત રહેવાનુ છે.

**પિતરનો પહેલો પત્ર 2:9-12**

**9 પણ તમે તો પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર પ્રજા તથા [પ્રભુના] ખાસ લોક છો કે, જેથી જેણે અંધકારમાંથી પોતાના આશ્ચર્યકારક પ્રકાશમાં [આવવાનું] આમંત્રણ આપ્યું છે, તેના સદગુણો તમે પ્રગટ કરો,**

**10 તમે પ હેલાં પ્રજા જ નહોતા, પણ હાલ તમે દેવની પ્રજા છો; તમે દયા પામેલા નહોતા, પણ હાલ તમે દયા પામ્યા છો.**

**11 વહાલાઓ, હું તમને વિનંતી કરું છું કે, જે દૈહિક વિષયો આત્માની સામે લડે છે, તેઓથી તમે, પરદેશી તથા પ્રવાસી જેવા, દૂર રહો;**

**12 અને વિદેશી લોકોમાં તમે તમારાં આચરણ સારાં રાખો; જેથી તેઓ તમને દુષ્ટ સમજીને તમારી વિરુદ્ધ બોલે ત્યારે તેઓ તમારાં રૂડા કામ જોઈને ન્યાયકરણને દિવસે દેવની સ્તુતિ કરે.**

જેણે આપણને અંધકારમાથી પોતાનાં દિવ્ય પ્રકાશમાં આણ્યાં છે તે દેવને આપણે સ્તુત્ય માનવાના છે. વિશ્વાસીઓ તરીકે, આપણે "વિદેશીઓ'- (અંધકારમાં જીવતા લોકો) સમક્ષ સન્માન અને પ્રમાણિકતાથી ચાલવા માટે તેડાયેલા છીએ. તેથી, અજવાળાનાં દીકરાઓને ઘટે તેમ, આપણે સચ્ચાઈ અને પ્રમાણિકતાને સમર્પિત રહેવાનુ છે. જ્યારે જગતના લોકો આપણી તરફ જુએ ત્યારે આપણે એ બાબતનો ખાસ ખ્યાલ રાખવાનોt

છે આપણે ભિન્ન છીએ, કેમ કે આપણે સચ્ચાઈ તથા પ્રમાણિકતાને સમર્પિત છીએ.

### વિધ્યાર્થીઓ તરીકે

દાખલા તરીકે, સ્કૂલ કે કોલેજમાં, તમે પરીક્ષામાં પેપર લખી રહ્યાં છો અને તમારા પરીક્ષક થોડીવાર માટે બ્રેકમાં બહાર જાય છે ત્યારે બીજા બધા વિધ્યાર્થીઓ ચોરી કરીને પેપર લખવાનું શરૂ કરે છે. તમારી બાજુનો પરિક્ષાર્થી તમને પણ તેમ કરવા કહે છે. પરંતુ તમે તેમ કરવા માટે સ્પષ્ટ ના કહો છો. કારણ એ નથી કે તમને ડર છે કે પરીક્ષક આવી જશે પણ કારણ એ છે કે તમે જાણો છો કે તમે અજવાળાનાં દીકરા છો.

તમારું હોમવર્ક કે એસાઈમેંટ લખતી વખતે પણ તમે અન્ય વિધ્યાર્થીએ તૈયાર કરેલું હોમવર્ક કે એસાઈન્મેંટ તમારું છે તેવું બતાવતા નથી. કેમ? કારણ કે તમે સચ્ચાઈ અને પ્રમાણિકતાને સમર્પિત છો!

### વ્યવસાયિકો તરીકે

વ્યવસાયિક તરીકે પણ તમારે પ્રમાણિકતાને જાળવી રાખવાની છે. તમે કોઈ સાધારણ વ્યવસાયિક માત્ર નથી પણ અજવાળાનાં દીકરા છો જે તમને અંધકારના વ્યવસાયિક કરતાં ભિન્ન કરે છે. તમે બંને વ્યવસાયિકો તરીકે એક જ વ્યવસાયમાં હશો, પરંતુ તમે બંને એકબીજાથી તદ્દન ભિન્ન છો. કેમ કે તમે સચ્ચાઈ અને પ્રમાણિકતાને સમર્પિત છો તેથી તમે જૂઠું બોલતા કે કરતાં નથી.

જ્યારે મેં મારી પ્રથમ નોકરી માટે આવેદન કર્યું ત્યારે, હું યુનિવર્સિટીમાં સંસોધન કરવામાં જ મારો સમગ્ર સમય આપતો હતો. એ સમય હતો કે જ્યારે મારે યુનિવર્સિટીની બહાર નોકરી શોધવી પડે તેમ હતું, મેં પણ ભરતી કરતી સંસ્થામાં અરજી આપી જે સામાન્ય રીતે બીજાઓ કરે છે. મારા એક મિત્રએ ન્યુ જર્સી ખાતે એક ભારતીય દ્વારા ચલાવવામાં આવતી તે ભરતી સંસ્થા સાથે મારો પરિચય કરાવ્યો હતો. તેથી મેં સારી નોકરી સરળતાથી મળવાની આશા સાથે મારી અરજી તે સંસ્થામાં આપી અને તેમણે મને ખાતરી પણ આપી. પાછળથી તે સંસ્થા દ્વારા મને કહેવામા આવ્યું કે મારે મારી અરજીમાં કેટલાક ફેરફાર કરવા પડશે. તેઓએ રાતોરાત મારી અરજી “સુધારી” અને મેં જે કંપની વિષે ક્યારેય સંભાળ્યું જ ન હતું તેમાં બે થી ત્રણ વર્ષનો મારો કાર્ય અનુભવ દર્શાવ્યો! હવે અહીં મારે પસંદગી કરવાની હતી- પ્રકાશના દીકરા તરીકે બીજાઓથી ભિન્ન થવું કે અંધકારના દીકરા થઈને જૂઠું બોલવું. મેં તે ભરતી સંસ્થા સાથે વાતચીત બંધ કરી દીધી અને સ્પષ્ટ કહી દીધું કે તેમણે બનાવેલી જૂઠી અરજી પ્રમાણે મારે નોકરી જોઈતી નથી. મારી એક પાનાની મૂળ અરજી જ યોગ્ય હતી! દેવ પર વિશ્વાસ રાખીને મેં મારી એક પાનાની અરજી સીધેસીધી જે તે કંપનીને મોકલી આપી કે જ્યાં હું ઉધોગ જગતની સારી બાબતો શીખવા માંગતો હતો. અને દેવે મને તે તક પૂરી પાડી! મારે

મારી અરજીમાં કશું જૂઠું લખવું પડ્યું નહીં કે કશું જૂઠું બોલવું પડ્યું નહીં.

જ્યારે અમારી સંસ્થા માટે અમે લોકોનાં ઇન્ટરવ્યુ લેતા હતાં, ત્યારે એકવાર એક યુવાને ટેકનિકલ ટેસ્ટમાં ખૂબ સારું પ્રદર્શન કર્યું અને ઇન્ટરવ્યૂના છેલ્લા રાઉન્ડમાં મારી પાસે આવ્યો. જ્યારે મેં તેને તેના અગાઉની કંપનીના અનુભવ વિષે પૂછ્યું ત્યારે તેણે મને તે કંપનીની વેબસાઇટનું નામ સરનામું આપ્યાં. પરંતુ જ્યારે મેં ઇન્ટરનેટ પર તપાસ કરી ત્યારે મને ખબર પડી કે તે યુવાન જે સૉફ્ટવેર ડેવલોપમેન્ટ કંપનીમાં કામ કરતો હતો તે ન હતી પણ કોઈ અન્ય કંપનીની સાઇટ હતી. જ્યારે મેં તેને ફરીથી તે અંગે પૂછ્યું ત્યારે તેણે મને કહ્યું કે તે કંપનીએ પોતાનું વેબસાઇટ સરનામું બદલી નાખ્યું હશે. જ્યારે મેં તે કંપનીના ફોન નંબર અંગે પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે તેણે પોતાનો મોબાઈલ નંબર બદલી નાખ્યો હોવાથી તે નીકળી ગયા છે. મેં તેને તે કંપનીના લેંડલાઈન નંબર અંગે પૂછ્યું તો તેણે જવાબ આપ્યો કે તેને ખબર નથી. એવું કેવી રીતે શક્ય બને કે કોઈ વ્યક્તિ કોઈ કંપનીમાં એક વર્ષ સુધી કામ કરે અને તેને તે કંપનીનાં ફોન નંબરની માહિતી ન હોય? આખરે તે યુવાને કબૂલ કર્યું કે તેણે કામના અનુભવ અંગે પોતાની અરજીમાં ખોટી અને જૂઠી માહિતી આપી હતી.

બીજા એક શહેરમાં જ્યારે હું એક ખ્રિસ્તી સભામાં સતત ત્રણ દિવસ સુધી સંદેશા આપવા માટે ગયો ત્યારે આજ પ્રકારનો બીજો એક કિસ્સો બન્યો. વિરામ સમયે, મારી સાથે એક યુવાનની ઓળખ કરાવવામાં આવી જે થોડા સમય પહેલા જ બેંગલોરથી અભ્યાસ પૂરો કરીને આવ્યો હતો અને કોઈ સૉફ્ટવેર ડેવલપમેંટ કંપનીમાં નોકરીની શોધમાં હતો. મેં તેને તેના નામ, અભ્યાસ વિગેરે અંગે પૂછપરછ કરી. તેણે જવાબ આપ્યો કે તેણે "ત્રણ માસનો કોર્ષ કર્યો છે પણ પાંચ વર્ષનો કામનો અનુભવ ધરાવે છે." તે યુવાન શું કહેવા માંગતો હતો તે સમજવું મારા માટે અગત્યનું હતું તેથી મેં તેને બેંગલોરમાં મળવા માટે કહ્યું. પછીથી તેણે મને જણાવ્યુ કે તે કોઈ પાળક સાથે પૂર્ણ સામયની સેવામાં બે વર્ષથી કામ કરતો હતો. તેને ખ્યાલ આવ્યો હશે કે નોકરી મેળવવા માટે કોઈ કોર્ષ કરવો પડશે તેથી તેણે ત્રણ માસનો કોર્ષ કર્યો. કોર્ષ પૂરો કર્યા પછી તેણે નોકરી માટેની અરજીમાં પાંચ વર્ષનો અનુભવ હોવાનું લખ્યું, વાસ્તવમાં તેણે કામનો કોઈ અનુભવ મેળવ્યો જ ન હતો. તેણે મને કહ્યું કે તે એટલા માટે સત્ય બોલે છે કેમ કે હું (આશિષ રાયચૂર) પાળક છું. મને ખબર ન પડી કે મારે તેને શું પ્રતીભાવ આપવો. પણ મને આનંદ થયો આખરે તેણે સત્ય સ્વીકાર્યું ખરું. અલબત્ત, મને એ જાણીને દૂ:ખ થયું કે કોઈ વ્યક્તિ બે વર્ષ સુધી દેવની મંડળીમાં પૂર્ણ સમયની સેવામાં કાર્યરત રહ્યા પછી માત્ર નોકરી મેળવવા ખાતર જૂઠું કેવી રીતે બોલી શકે.

બાઇબલ કહે છે કે આપણે પ્રકાશના બાળકોને ઘટે તેમ ચાલવાનું છે, તેનો મતલબ એ થાય

કે વ્યવસાયિકો તરીકે આપણે આપણી પ્રમાણિકતા સાથે કોઈ સમાધાન કરી શકીએ નહીં. ખ્રિસ્તી વ્યવસાયીક કે નોકરિયાત તરીકે આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આપણે આપણી કચેરીના કે નોકરીના સ્થળે મળતી સવલતોનો દુરોપયોગ ન કરીએ. બાઇબલ પણ એમ જ કરવા કહે છે.

તિતસ 2:9-10
**9 દાસોને પોતાના ધણીઓને આધીન રહેવાને, સરવ પ્રકારે તેમણે રાજી રાખવાને, સામું ન બોલવાને,**
**10 ઉચાપત ન કરવાને, પણ સર્વ બાબતમાં વિશ્વાસપાત્ર થવાને બોધ કર; જેટી તેઓ સર્વ વાતે આપણા તારનાર દેવના સુબોધને દીપાવે.**

બંધક સેવકોને ઉત્તેજન-જેઓ બંધક નોકરિયાત છે- તેમનાં માલિક કે નોકરીદાતાઓને તેઓએ આધીન રહેવું જોઈએ. નોકરી કરનારાઓએ દરેક બાબતમાં આનંદિત રહેવાનુ છે અને પોતાના અધિપતિઓ વિરુદ્ધ ધૃણ થવાનું નથી. સંચાલનનો આ નિયમ બાઇબલ આધારિત છે. નોકરી કરનાર ઉચાપત કરનાર કે ચોર ન હોવો જોઈએ પણ વફાદારી બતાવનાર હોવો જોઈએ, કે જેથી તેઓ તારનાર દેવનાં સિદ્ધાંતોને દરેક બાબતમાં શણગારી શકે. તેથી, ભલે તમારી ઓફિસના બીજા કર્મચારીઓ ખોટું કરે, પણ ખ્રિસ્તી નોકરિયાત તરીકે તમારે તેમનો દાખલો અનુસરવાની જરૂર નથી. તમારે ભિન્ન રહેવાનું છે. બની શકે કે તમે જ્યાં નોકરી કરો છો ત્યાં એવો વણલખ્યો નિયમ હોય કે પગાર ઉપરાંત બીજું ઘણું બધુ લઈ જઇ શકાતું હોય. પણ તમે તેમ કરી શકો નહીં કેમ કે તમને અંધકારમાથી તેડીને પ્રકાશમાં લાવવામાં આવ્યા છે અને તમે અજવાળાના દીકરા છો તેથી, ખ્રિસ્તી કર્મચારી તરીકે, તમે માત્ર તમારી સખત મહેનતનુ વેતન જ લઈ શકો છો.

વિકૃત અને ભ્રષ્ટ જગતમાં રહીને, તમે અન્યોને કેવી રીતે દર્શાવી શકશો કે તમે દેવના બાળકો છો? બાઇબલ આપણને પ્રમાણિકતા અને સચ્ચાઈ સાથે જીવતા લોકો તરીકે જીવવાની શિખામણ આપે છે નહીં કે બબડાટ કે કચકચ કરનારા લોકો તરીકે. આ રીતે જ આપણે વિકૃત અને ભ્રષ્ટ જગતના લોકોને બતાવી શકીશું કે આપણે દેવના દીકરાઓ છીએ.

ફિલિપ્પી 2:14-15
**14 બડબડાટ તથા તકરાર વગર બધું કરો**
**15 કે, જેથી કુટિલ તથા આડી પ્રજામાં તમે નિર્દોષ તથા સાલસ, દેવનાં નિષ્કલંક છોકરાં, જીવનનું વચન પ્રગટ કરીને જ્યોતિઓ જેવાં જગતમાં દેખાઓ છો, એવાં થાઓ;**

આપણાં કાર્યસ્થળે, કોઈ સહકર્મી કચકચ કે કજિયા કરે અને આપણે તેને સાથ આપીએ તો

આપણામાં અને તેનામાં તફાવત શો છે? આપણે કચકચ કે કજિયો કર્યા વિના એ દર્શાવવાની જરૂર છે કે આપણે અજવાળાના દીકરાઓ છીએ. આમેન!

આપણે જેઓ નોકરીદાતા છીએ કે જેઓ પોતાનો વ્યવસાય કે ધંધો ચલાવીએ છીએ અને આપણાં કર્મચારીઓના વેતન અને પગાર અંગેના નિર્ણયો કરીએ છીએ, બાઇબલ આપણને કહે છે કે આપણે આપણાં કર્મચારીઓનું શોષણ કરવું જોઈએ નહીં અને તેઓના લાભને અટકાવવા જોઈએ નહીં.

લેવીય 19:13

**તું તારા પાડોશી પર જુલમ ન કાર, ને તેને ન લૂટ; મજૂરનું વેતન આખી રાત એટલે સવાર સુધી તારી પાસે રહેવા ન દે.**

તમે એ બાબત સુનિશ્ચિત કરો કે જેઓ તમારા હાથ નીચે કામ કરે છે તેઓને તેમનું વેતન સમયસર મળે. તમે એવું બહાનું ન બતાવી શકો કે "ભારતીય કંપની કલ્ચર" પ્રમાણે ક્યારેક કર્મચારીનો પગાર રોકવો પણ પડે. પરંતુ ધ્યાનથી સાંભળો, આપણે તે કલ્ચરને અનુસરતા નથી પણ દેવના રાજ્યના કલ્ચરને અનુસરીએ છીએ! અને દેવ કહે છે કે આપણે આપણાં કર્મચારીનું વેતન અટકાવવું જોઈએ નહીં. જો આપણાં કર્મચારીએ તેનું કામ કર્યું છે તો આપણી ફરજ છે કે તેને તેનું વેતન સમયસર ચૂકવી આપીએ.

યર્મિયા 22:13

**જે માણસ પોતાનું ઘર અન્યાયથી તથા પોતાની મેડીઓ અનીતિથી બાંધે છે, જે પોતાના પડોશીની પાસે વેઠ કરાવે છે, ને તેની મજૂરી તેને આપતો નથી, તે માણસને હાય હાય!**

તમારા પડોશીની કોઈ સેવાનો મફતમાં લાભ ન લો, તેમને તેઓની સેવાનો બદલો અચૂક આપો. ગુહિણીઓ, તમારું ઘરકામ કરતાં નોકરોને સમયસર વળતર ચૂકવી આપો. ભિન્ન બનો.

જ્યારે હું નોકરીની શોધમાં આવનાર લોકોના ઇન્ટરવ્યુ લઉં છું ત્યારે, હું એક પ્રશ્ન પૂછું છું કે તેઓ શા માટે તેમની હાલની નોકરી છોડવા માંગે છે. કેટલાક લોકો જવાબ આપે છે કે છેલ્લા છ માસથી તેઓને વેતન મળ્યું હોતું નથી. આ પૈકી ઘણાં તો ખુબ મોટી કંપની કે જેમાં 700 કરતાં પણ વધુ કર્મચારીઓ કામ કરે છે તે કંપનીમાં કામ કરતાં જોવા મળ્યા છે. આ પ્રકારના કાર્ય વાતાવરણને ઈશ્વર ક્યારેય માન્ય રાખી શકે નહીં.

એક કોન્ટ્રાકટરે, બેંગલોરમાં એક મોટી સૉફ્ટવેર કંપનીનું વિશાળ છત બનાવી આપ્યું અને આ કામ પૂરું કરવા માટે તેણે લાખો રૂપિયા રોકાણ પણ કર્યું, પરંતુ છેલ્લા બે વર્ષથી તેને નાણાં ચૂકવવામાં આવ્યા નથી. અજવાળાના દીકરાઓ અને પ્રમાણિક નોકરીદાતા તરીકે, જીવનના દરેક ક્ષેત્રોમાં, આપણી વાણી અને વર્તનમાં આપણે પ્રમાણિકતા અને સચ્ચાઈ જાળવી રાખવાનું શીખવું પડશે.

**એફેસીઓને પત્ર 6:9**
**વળી, ધણીઓ, તમે તેઓની સાથે એમજ વર્તો, ધમકી [આપવાનું] છોડી દો; અને આકાશમાં તેઓનો તેમ જ તમારો પણ [એક જ] ધણી છે, અને તેની પાસે પક્ષપાત નથી [એમ જાણો].**

એક વ્યક્તિ સાથેની મુલાકાત દરમ્યાન, તે યજમાને મને કૉફી પીવા માટે આપી જેનો મેં સ્વીકાર કર્યો. અમારી સાથેના અન્ય એક વ્યક્તિએ તેનો નકાર કરતાં કહ્યું કે થોડીવાર પહેલા તેમણે નાસ્તો કર્યો છે. કેટલીક વાર બાદ, મેં પેલા યજમાનને મારી સાથે નાસ્તા માટે આમંત્રણ આપ્યું ત્યારે તે યજમાને નકાર કરતાં કહ્યું કે તેઓ આજે ઉપવાસ પર છે. તરત જ અમારી સાથેના પેલા વ્યક્તિ જેમણે કૉફીનો નકાર કરતા સમયે કહેલું કે થોડીવાર પહેલા જ નાસ્તો કર્યો છે તેઓ યજમાનને પ્રભાવિત કરવા માટે બોલ્યા કે તેઓ પણ ઉપવાસ પર છે. મને નવાઈ લાગી કે આપણને, ખ્રિસ્તીઓને, "સચ્ચાઈ" સાથે શું તકલીફ છે. શું આપણે જગતથી ભિન્ન હોવું જોઈએ નહીં? આપણે અજવાળાના દીકરાઓ નથી શું? આપણે જગતનું રૂપ ધારણ ન કરતાં, પૂર્ણપણે રૂપાંતરિત અને દેવના વિચારો અને માર્ગો પ્રમાણે જીવવા માટે તેડાયેલા નથી શું?

## આપણે શુદ્ધતા અને પવિત્રતાને સમર્પિત છીએ

**પહેલો પિતર 2:11બ**
**તેઓથી તમે, પરદેશી તથા પ્રવાસી જેવા, દૂર રહો;**

દૈહિક વાસનાઓથી દૂર રહો. જે દેવ આપણને અંધકારમાથી પોતાના દિવ્ય પ્રકાશમાં તેડી લાવ્યા છે તેની સ્તુતિના ગુણગાન ગાનારા લોક તરીકે આપણે, દૈહિક વાસનાઓથી દૂર રહેવાનુ છે. આપણે શુદ્ધતા અને પવિત્રતાને સમર્પિત રહેવાનુ છે.

### જુવાન સ્ત્રીઓ

એક પ્રખ્યાત ખ્રિસ્તી રોક કલાકાર, યુવાન રિબેકા જેમ્સનો નમૂનો જોવા જેવો છે. તેણીની

ઘણાં બધા ખ્રિસ્તી ધાર્મિક ગીતો ગાય છે જેને કિશોર અને યુવાન અવસ્થાના બાળકો ખુબ સાંભળે છે. ફેમિલી લાઈફ.કોમના એમી ગુડમેન સાથેના ઇન્ટરવ્યુ દરમ્યાન રિબેકાએ "ડેડીકેટેડ ટુ મોડેસ્ટી" નામના વિષય આધારિત કાર્યક્રમ પર જે વાતો કહી તેના પ્રસારણ પૈકી કેટલાક અંશો નીચે મુજબ છે:

રિબેકા કહે છે, "મને લાગે છે કે જુદી જુદી બાબતોમાં મેં મારી પોતાની આકર્ષણની ભાવનાને પ્રસ્થાપિત કરી છે. કેમ કે હું જાણું છું કે હું જે પહેરું છું તેથી ચોક્કસ વ્યક્તિ આકર્ષાય છે. અને આખરે તે વ્યક્તિ જેને હું મારો પતિ બાનવવા માંગુ છું તે શુદ્ધતાને સંરપીટ છે. તેને દૈહિક વાસનામાં કોઈ દિલચસ્પી નથી. જે કપડાં હું પહેરું છું તે જો ઉત્તેજક હોય તો હું એ વ્યક્તિને આકર્ષિત કરીશ જેને તે પસંદ છે કે જેનાથી એવું સાબિત થશે કે હું અશુદ્ધ છું પરંતુ તેનાથી તે વ્યક્તિ તો ખુશ જ થશે. અલબત્ત, જો હું સામાન્ય કપડાં પહેરું છું તો હું એવી વ્યક્તિને આકર્ષિત કરીશ કે જે તેને માન આપે છે અને તેની કદર કરે છે. તેથી મને લાગે છે કે મારે તેમ જ કરવું જોઈએ. મને ફંકી, નરમ અને આધુનિક કપડાં પહેરવાનું ગમે છે કે જે સામાન્ય હોય, વધુ પડતાં ચુસ્ત ન હોય અને જેમાં શરીરના ભાગો વધુ ન દેખાતા ન હોય. એવું મળવું ખૂબ જ અઘરું છે. પરંતુ જાણે કે તેમ કરવું એક સંઘર્ષ છે કેમ કે મને સાદગી પસંદ છે કે જેનાથી જુવાન છોકરીઓ મને જોઈને પ્રેરણા લઈ શકે પરંતુ ખ્રિસ્તમાં મારા ભાઈઓને માટે હું અડચણરૂપ પણ ન બનું.

ઘણી બધીવાર, મારા પિતાજી મારા પહેરવેશ વિષે ટિપ્પણી કરતાં કહેતા હોય છે કે, "આ તો છોકરાઓને આકર્ષિત કરતાં કપડાં છે." મારા પિતાજી મને સતાવવા માટે એએમ કહેતા હોય છે. પણ જો ખરેખર તેમને કોઈ વાંધો હોય તો તેઓ મને સ્પષ્ટ કહી દેતા હોય છે. મારા પિતાજીની હું નાની અને લાડકી દીકરી હોઉ તેમ તેઓ ક્યારેક મારા પહેરવેશ અંગે ઘણા બધા ચિંતિત હોય છે. મારા માતાજી તેઓને સમજાવે છે. મને લાગે છે મારી કિશોર અવસ્થામાં મારા માતપિતાની આ રકજક મને ઘણીબધી રીતે મદદરૂપ સાબિત થઈ છે. જો મારા પિતાજીની વાત કરીએ તો તેઓ જાણે કે રૂઢિચુસ્ત હોય તેવું લાગે. તેઓએ મને હંમેશા ઉત્તેજન આપ્યું છે, ખાસ કરીને મારા મારા માતાજી જે પ્રમાણે કપડાં પહેરતા, શરીરના ભાગો વધુ પડતાં ન દેખાય, સ્કર્ટ પણ અતિશય ટૂંકા ન હોય, કપડાં અતિશય ચુસ્ત અને શરીર દેખાય તેવા ન હોય. અને મને પણ તેઓની જેમ જ કરવાનું ગમતું. મને એવું કોઈ કામ કરવાનું ન ગમતું જેનાથી મારા માતપિતા નારાજ થાય. મને કોઈ એવું કામ કરવાનું પણ ગમતું નથી જેનાથી મારા ઈશ્વર કે આની લોકો મરાઠી નારાજ થાય. એ મારી પોતાની નિષ્ઠા અને ભાવના છે હું એક ખ્રિસ્તી વ્યક્તિ ઈશ્વર સમક્ષ જે બાબતો યોગ્ય છે તે જ કરું.

જ્યારે મેં સંગીતમાં મારી કારકિર્દીની શરૂઆત કરી ત્યારે કોટ પહેરવો એ જાણે કે ફરજિયાત હતું. કોટ પહેરવાથી તમે સાદા અને સરળ દેખાવ છો. અત્યારના સમયમાં હવે કોટની ફેશન નથી. ફંકી ટોપ જે પહેરવાથી શરીરના ચોક્કસ ભાગો દેખાય તે પ્રકારનો પહેરવેશ ટીવી અને સ્ટોરમાં હવે ફેશન છે. આ પ્રકારના ફંકી ટોપ પહેરવાથી સાદગી અને સરળતા જાળવી રાખવા કઠણ છે.

સ્ટેજ પર અને અન્ય સ્થળોએ કેવો પહેરવેશ હોવો જોઈએ તે માટે મારી કેટલીક શરતો છે. જે પૈકી સ્ટેજ પર હું પેન્ટ પહેરવાનું પસંદ કરું છું કેમ કે રોક સંગીત દરમ્યાન સ્કર્ટ સાથે નાચવું અઘરૂ છે. હું એ પણ સુનિશ્ચિત કરું છું કે મારા કપડાં બહુ ચુસ્ત ન હોય તેનાથી મારા શરીરના વળાંકો દેખાય આવે. જે ટોપ હું પહેરું છું તેનાથી પણ મને તકલીફ પડે છે તેથી હું ઉપર નીચે બે ટોપ પહેરવાનું રાખું છું. કેટલાક વર્ષો પહેલા અમારા યુથ ગ્રુપમાં એક વક્તાએ કહ્યું હતું કે, "આપણાં ગ્રુપમાં આવતા લોકો ફરિયાદ કરે છે કે તેમને ખબર નથી પડતી કે તેઓએ કઈ બાબતો તરફ ધ્યાન આપવું." તે ઈશ્વરની સ્તુતિ આરાધના કરવા આવે છે પણ તેઓ ચુસ્ત કપડાં પહેરીને આવેલી છોકરીઓને જોઈને બેધ્યાન બની જાય છે અને તેઓનું ધ્યાન ભટકી જાય છે. સાદગી અને સરળ પહેરવેશ એ એક પ્રકારની ચાવી છે. મને લાગે છે છોકરીઓને તેઓના પહેરવેશ અંગે પૂરતી સભાનતા નથી હોતી કે તેઓ છોકરાઓને કેટલી હદે આકર્ષિત કરીને દેહની વાસના પ્રત્યે લલચાવીને દેવની વિરુદ્ધ પાપ કરવા પ્રેરે છે.

આ સમગ્ર ફકરાના સારાંશરૂપે એક ચાવીરૂપ બાબત જોઈએ. રિબેકા કહે છે કે ચોક્કસ પ્રકારનો પહેરવેશ ચોક્કસ પ્રકારના લોકોને આકર્ષિત કરે છે. જુવાન દીકરીઓ, જો તમે ઉત્તેજક કપડાં પહેરો છો તો તમે તે પ્રકારના લોકોને આકર્ષિત કરો છો. શું તમને એ પ્રકારના પતિઓ જોઈએ છે? તમે કેટલાક હજી પણ અનિર્ણિત હશો. રિબેકા જે કહેવા માંગે છે તે બહુ સ્પષ્ટ છે. જો કોઈ પોતાને સુંદર દર્શવવા માંગતુ હોય તે રિબેકા જેમ્સ છે. તેણી સ્ટેજ પર હજારો લોકોની મેદની વચ્ચે ગાય છે અને ઘણા બધા આલબમ બહાર પાડે છે. મને ચોક્કસ ખાતરી છે કે તેણીને સુદર દેખાવું ગમતું હશે, અને ઘણા બધા લોકો તેને ચાહે તે પણ ગમતું હશે. છતાં તેણીની કહે છે કે, "હું જે રીતે કપડાં પહેરું છું, તે અતિ મહત્વનુ છે, મને સાદગી દેખાડવી ગમે છે, કેમ કે હું જુવાન દીકરીઓને ભ્રમિત કરવા માંગતી નથી. અને હું ખ્રિસ્તમાં મારા ભાઈઓને વાસના પ્રતિ પ્રેરિત કરીને તેઓ માટે અડચણરૂપ બનવા માંગતી નથી." અહી આપણે એક જુવાન પ્રખ્યાત દીકરીને જોઈએ છીએ જે સાદગીને વરેલી છે જેણે એક ખ્રિસ્તી દીકરી તરીકે પોતાના વિચારો સ્પષ્ટ રીતે રજૂ કર્યા છે.

જુવાન સ્ત્રીઓ, શુદ્ધતા અને સાદગીને સમર્પિત રહીને જગતની અન્ય સ્ત્રીઓથી તમારે ભિન્ન બનવાની જરૂર છે. આમ કરવા જતાં તમારા મિત્ર વર્તુળમાં તમે "ગંદા અને ગોબરા" જેવા દેખાશો. પરંતુ બાઇબલ કહે છે દેવ તો અંતઃકરણની સુંદરતાને શોધે છે.

પહેલો પિતર 3:3-4

3 તમારો શણગાર બહારનો ન હોય, એટલે ગૂંથેલી વેણીનો તથા સોનાનાં ઘરેણાનો અથવા [જાતજાતના] વસ્ત્ર પહેરવાનો એવો ન હોય;

4 પણ અંતઃકરણમાં રહેલા ગુપ્ત મનુષ્યત્વનો, એટલે દીન તથા નમ્ર આત્માનો, જે દેવની નજરમાં બહુ મૂલ્યવાન છે, તેના અવિનાશી અલંકારનો થઈ.

## તમે કોની દ્રષ્ટિમાં સુંદર દેખાવા માંગો છો? દેવની કે માણસોની? પસંદગી તમારી છે!

પહેલો તિમોથી 2:8-10

8 એ માટે મારી ઇચ્છા છે કે, પુરુષો સર્વ સ્થળે રીસ તથા વાદવિવાદ વિના શુદ્ધ હાથો ઊંચા કરીને પ્રાર્થના કરે.

9 એમ જ સ્ત્રીઓ પણ મર્યાદા તથા ગાંભીર્ય રાખીને શોભતા વસ્ત્રથી પોતાને શણગારે; ગૂંથેલા વાળથી તથા સોના કે મોતી[ના અલંકાર]થી કે, કિમતી પોશાકથી નહિ;

10 પણ દેવની ભક્તિમાં નિમગ્ન રહેનારી સ્ત્રીઓને શોભે એવી રીતે, એટલે સારાં કામથી [પોતાને શણગારે].

પાઉલ એક પ્રાર્થના સભાના આયોજન વિષે વાત કરતાં લખે છે જ્યાં પુરૂષો પવિત્ર હાથો ઊંચા કરીને સ્વર્ગ ભણી તાકીને સ્તુતિ કરતાં હોય અને અચાનક પાઉલ વિષય બદલીને કહે છે, "એ જ રીતે, સ્ત્રીઓએ પણ સાદગીથી પોતાને શણગારવી જોઈએ." શા માટે પાઉલે સ્ત્રીઓના પહેરવેશ અંગેનો મુદ્દો ઉઠાવવો પડ્યો? મને શંકા છે કે આજે આપણે જે સમસ્યાનો સામનો કરી રહ્યાં છીએ તે જ પ્રશ્નનો સામનો તે સમયના લોકોને કરવો પડ્યો હશે. પુરૂષો પોતાના પવિત્ર હાથો ઉઠાવીને દેવની તરફ નિહાળતા હશે પણ કોઈક બાબત તેમને ભ્રમિત કરતી હશે અને નીચે તરફ ખેંચતી હશે. આજ કારણે પાઉલે ત્યાં હાજર સ્ત્રીઓને કહેવું પડે છે કે તેઓ પોતાને સાદગીથી શણગારે. ગૂંથેલા વાળથી, સોનાના આભૂષણોથી, મોતીના હારથી, કે મોંઘા પહેરવેશથી નહીં, પરંતુ પોતાના સારા કૃત્યો કે જેના થકી તેઓ દેવને પ્રસન્ન કરી શકે તે રીતે. જુવાન સ્ત્રીઓ, સંયમીત પહેરવેશ રાખો જે આદર પ્રદર્શિત કરે, સમજદારી દર્શાવે, જે દર્શાવે કે તમે આત્મસંયમી છો. ખ્રિસ્તી સ્ત્રીઓ માટે પાઉલ જે માપદંડો સ્થાપિત કરે છે તે એ પ્રકારના છે કે પોતાના પહેરવેશથી સ્ત્રીઓ દેવત્વને પ્રગટ કરે અને દર્શાવે. આમેન! તેથી તમે કયા પ્રકારના કપડાં પહેરવાનું પસંદ કરશો? આ બાબતો અંગે વિચાર કરો. શું તમારો પહેરવેશ દેવત્વને પ્રગટ કરે છે? શું તે દેવને પસંદ પડે એ પ્રકારનો છે? શું તે ધર્મનિષ્ઠા પ્રગટ કરે

છે? શું તે દ્વારા તમે દેવ પ્રત્યે સમર્પિત છો તેવું સિદ્ધ થાય છે? આ પ્રકારે તમારા પહેરવેશની પસંદગી થવી જોઈએ.

## વાલીઓ

રિબેકાના જીવનમાં તેના માતપિતાનો જે પ્રભાવ આપણે જોઈએ છીએ તેની નોંધ લેવી જોઈએ. તેણીની એક વિખ્યાત હસ્તી છે. તેમ છતાં, તેણીના માતપિતા તેણીના જીવનમાં કેવી રીતે જીવવું અને વર્તવું તે અંગે પ્રભાવ પાડી શક્યા છે. વાલીઓ, તમારે તમારા કિશોર અને પુખ્ત વયના સંતાનો સાથે સંવાદ કરવાની જરૂર છે. અમે તેમને મંડળીમાં અને દેવળમાં મોકલીએ છીએ જ્યાં પાળક તેઓને શિક્ષણ આપશે તેમ કહીને તમે તમારી જવાબદારીથી છટકી જશો નહીં,

## વડીલ સ્ત્રીઓ

**તીતસ 2:4-5**
**4 એ સારું કે તેઓ જુવાન સ્ત્રીઓને તેમના પતિ પર તથા બાળકો પર પ્રેમ રખવાનું સમજાવે,**
**5 અને પ્રભુની વાતની નિંદા ન થાય, માટે તેઓ તેમને મર્યાદાશીલ, પતિવ્રતા, ઘરનાં કામકાજ કરનારી, માયાળુ થવાનું, તથા તેમના પતિને આધીન રહેવાનું સમજાવે.**

પાઉલ વડીલ સ્ત્રીઓને કહે છે કે તેઓ જુવાન સ્ત્રીઓને સમજદાર અને પવિત્ર બનતા શીખવાડે. “સમજદાર અને પવિત્ર” બનવું એટલે સરળ, સાદું, સદગુણી, શુદ્ધ, નિખાલસ અને પવિત્ર બનવું. આ દેવના માપદંડો છે.

જુવાન સ્ત્રીઓ એવી દલીલ કરશે કે અન્ય સ્ત્રીઓ અને તેમની મિત્રો શરીરના ભાગો દેખાય તેવા આધુનિક વસ્ત્રો પહેરે છે તો તેઓએ શા માટે સરળ અને સાદગીપૂર્ણ કપડાં પહેરવા. જુવાન સ્ત્રીઓ એવું પણ કહેશે કે જો પુરૂષો કોઈ ચોક્કસ પ્રકારના વસ્ત્રોથી આકર્ષણ અનુભવતા હોય તો તે તેમનો પ્રશ્ન છે. પરંતુ વાસ્તવમાં એવું હોતું નથી. જુવાન સ્ત્રીઓને એ શીખવવાની જરૂર છે કે એ પ્રકારના વસ્ત્રો તેઓ પહેરે છે તે જ પ્રકારની માનસિકતા ધરાવતા પુરૂષોને તેઓ આકર્ષે છે. તેથી આ પ્રશ્ન સ્ત્રીઓનો પણ છે જ. સ્ત્રીઓએ ભ્રમિત કરે તેવા વસ્ત્રો પહેરવા જોઈએ નહીં. સ્ત્રીઓએ સાદા અને સરળ લાગે તેવા વસ્ત્રો પહેરવા જોઈએ જે દેવત્વને પ્રદર્શિત કરે કેમ કે તે સ્ત્રીઓ પણ અજવાળાની દીકરીઓ છે. પવિત્ર શાસ્ત્ર આપણને શીખવે છે કે આપણે અન્યોને માટે અડચણરૂપ બનવું જોઈએ નહીં તેથી વડીલ સ્ત્રીઓએ જુવાન સ્ત્રીઓને

એ પ્રકારે વર્તન કરવા શિક્ષણ આપવું જોઈએ.

## જુવાન પુરૂષો

**પહેલો થેસ્સલોનિ 4:3-5**
**3 કારણ કે દેવની ઇચ્છા એવી છે કે, તમારું પવિત્રીકરણ થાય, એટલે કે તમે વ્યભિચારથી દૂર રહો;**
**4 અને તમારામાંનો દરેક, દેવને ન જાણનારા વિદેશીઓની પેઠે, વિષયવાસનમાં નહિ,**
**5 પણ પવિત્રતામાં તથા માનમાં પોતાનું પાત્ર રાખી જાણે;**

ઈશ્વરે આપણને અનૈતિકતા માટે નહીં પરંતુ પવિત્રતા માટે તેડયા છે. "કેમ કે દેવની ઈચ્છા એવી છે કે તમારું પવિત્રીકરણ થાય". ઈશ્વરના કાર્ય માટે તમને અલગ કરવામાં આવ્યા છે. આંખોની લાલસા અને મનની વાસના જુવાન પુરૂષો માટે ખૂબ મોટો પડકાર છે.

**પહેલો થેસ્સાલોનિકી 5:22**
**દરેક પ્રકારની દુષ્ટતાથી દૂર રહો.**

દરેક પ્રકારના દુષ્ટતાનાં દેખાડાથી દૂર રહો. દાખલા તરીકે, મારે કબૂલ કરવું પડશે કે બેંગલોરમાં કાર ચલાવવી ખૂબ કપરું છે. જ્યારે તમે કાર ચલાવી રહ્યા હોય ત્યારે ઈશ્વર સાથે સંપર્કમાં રહેવા માટે કારના ટેપમાં ભક્તિ ગીતો સાંભળતા હોય, પણ રોડની સાઇડમાં લગાવેલા મોટા મોટા પોસ્ટરમાં નાની કારની બાજુમાં ટૂંકા વસ્ત્રો પહેરીને ઊભેલી છોકરીના દ્રશ્યો દેખાય છે. તમને નવાઈ લાગશે કે તેઓ કાર વેચવા માંગે છે કે સ્ત્રી! અને છતાં પણ તમે આગળની બસ સાથે અથડાઇ જવાની બીકે તમારી આંખ બંધ કરવાની હિંમત કરી શકતા નથી!

અરે, સવારમાં છાપું વાંચવા માટે નજર નાંખશો તો સમાચારની જગ્યાએ દરેક પાનાં પર ટૂંકા વસ્ત્રો પહેરેલી સ્ત્રીઓના દ્રશ્યો જ જોવા મળશે. એવું ન જોવા માટે કદાચ આપણે બીજા દિવસથી છાપું બદલી નાંખીએ, પણ દરેક છાપામાં આ જ પ્રકારે જોવા મળશે. તેથી આપણે છાપા લેવાનું બંધ કરીને ઇન્ટરનેટ પર સમાચાર જોવાનું નક્કી કરીશું. આપણે અજાણતા જ કોઈ લિન્ક પર ક્લિક કરીએ તો, પેલા દ્રશ્યો જ નજર સામે આવે છે. કેમ કે દુષ્ટતા દરેક જગ્યાએ વ્યાપ્ત છે. તેથી હવે આપણે શું કરવું જોઈએ?

શાબ્બાથ શાળામાં આપણે એક ગીત ગાતા હતા તેને યાદ કરીએ:

તારી આંખ શું જુએ છે તે કાળજી રાખ
તારી આંખ શું જુએ છે તે કાળજી રાખ

આકાશમાંનો તારો બાપ
નિહાળે છે નીચે પ્રેમથી
તારી આંખ શું જુએ છે તે કાળજી રાખ

શાબ્બાથ શાળામાં શીખવેલી વાતો ઘણી બધીવાર ખૂબ જ અગત્યની સાબિત થાય છે. સામાન્ય રીતે ત્યાં શીખવા મળેલી વાતો કોઈ પ્રબોધવાણી જેવી સાબિત થાય છે જે જીંદગીના 50 વર્ષે આપણે કયા પડકારોનો સામનો કરવાનો છે તેની પ્રતીતિ કરાવે છે.

આપણે હંમેશા આપણી જાતને એ યાદ અપાવ્યા કરવાનું છે કે આપણે અજવાળાનાં દીકરાઓ છીએ. આપણે પ્રથમ દ્રષ્ટિને કદાચ ટાળી શકીએ નહીં, પણ તેમાં વધારે ઊંડા ઉતરીને આગળ વધવા માટે દ્વિતીય દ્રષ્ટિને ચોક્કસ ટાળવી જોઈએ. આપણને કદાચ ખબર ન હોય કે પેલું મોટું પોસ્ટર ત્યાં હતું કે નહીં તેથી આપણે તેને જોઈએ છીએ, પણ જો આપણે તે પોસ્ટરની નજીક જઈએ, તેને વધારે બારીકાઈથી નિહાળીએ, તેની આસપાસ ફરતા રહીએ, તો સમસ્યા ઊભી થઈ શકે છે. આપણાં જીવાનોમાં આપણે શુદ્ધતા અને પવિત્રતાને સમર્પિત રહેવાનુ છે કેમ કે આપણે અજવાળાનાં દીકરાઓ છીએ અને તેથી આપણે દ્વિતીય દ્રષ્ટિને ટાળવાની છે. આમેન!

## વિજાતીય વ્યક્તિ સાથેની મુલાકાત માટેના માપદંડો

### જુવાનો

જ્યારે પણ તમે કોઈ વિજાતોય વ્યક્તિ સાથે મુલાકાતનું આયોજન કરો છો, ત્યારે શારીરિક સહવાસ ટાળો અને એવા સ્થળે જવાનું પણ ટાળો કે જ્યાં જવાનું તમે લોકોને જણાવવા માંગતા નથી. વિજાતીય વ્યક્તિ સાથેની મુલાકાત બંધ બારણે અને એકલા કરવાનું પણ ટાળો. અન્ય લોકો શારીરિક સહવાસ કરતાં હોય તેવું બને પણ યાદ રાખો કે તમે અન્યોથી ભિન્ન છો. તમારા જીવનમાં તમે પવિત્રતા અને શુદ્ધતાને વરેલા છો.

### વાલીઓ

વાલીઓએ જાગવાની જરૂર છે. તમારે તમારા કિશોર અને જુવાન બાળકો સાથે સંવાદ કરવાની જરૂર છે. તમે તમારા સંતાનોને કેળવવા માટે તમારા પાળકની મદદ અને સલાહ લઈ શકો છો પરંતુ ઈશ્વરે તમને જે જવાબદારી આપી છે તે નિભાવવા માટે પાળક અને

મંડળી પાસે અપેક્ષા ન રાખશો. જ્યાં સુધી તમારા  સંતાનો તમારી સાથે રહે છે અને તમારી સાથે જમે છે ત્યાં સુધી તમે તેઓના માલિક છો. મંડળી તેઓને દેવના વચનો પીરસશે, દેવના આત્માથી તેઓને ભરવાનો પ્રયત્ન કરશે, અને ખ્રિસ્તમાં તેઓને દ્રઢ કરશે, પરંતુ માતપિતા તરીકે આખરે તો તેઓ તમારી જ જવાબદારી છે.

દાખલા તરીકે, તમારો દીકરો તેની સાથે કોલેજમાં અભ્યાસ કરતી કોઈ છોકરીને તમારે ઘરે લઈને આવે છે. તમે તેની આગતા સ્વાગતા માટે ચા બનાવવા રસોડામાં વ્યસ્ત છો તે દરમ્યાન જો તમારો દીકરો પેલી છોકરીને લઈને બેડરૂમમાં જઈને બારણું બંધ કરે છે તો તરત તમારે તેઓને તેમ કરતાં રોકવા જોઈએ. તેઓ બંને જુવાન એકલા બંધ રૂમમાં બેસે તે યોગ્ય નથી. તમને લાગશે કે એમ કરવાથી તમારો દીકરો નારાજ થઈ જશે, તમે એવું પણ કહેશો કે મારો દીકરો તો ચર્ચમાં, યૂથ મિટિંગમાં, વિગેરેમાં ભાગ લે છે તેથી તે આત્મિક જીવનમાં મજબૂત છે અને તેથી મારો દીકરો કશું ખોટું કામ કરે જ નહીં.

વાલીઓ, યાદ રાખીએ કે આપણાં બાળકોમાં હોર્મોન્સ છે. અને આપણે મંડળીઓમાં કે ભક્તિસભાઓમાં કોઈને "ડિહોર્મોનાઈજ" નથી કરતાં! એ વાત ખરેખર સત્ય હશે કે તમારા બાળકો વિશ્વાસુપણે ખ્રિસ્તી સંગતોમાં સક્રિય હશે, પરંતુ, ઘરોમાં તેઓની જવાબદારી તમારી છે. ખ્રિસ્તીઓ તરીકે બાઈબલની જરૂરિયાતો પ્રમાણેની શુદ્ધતા અને પવિત્રતાનો તમારા ઘરોમાં તમારે આગ્રહપૂર્વક અમલ કરાવવાનો છે. શું યોગ્ય છે અને શું અયોગ્ય છે તે અંગે મંડળીએ જે શીખવવાનું તે તો મંડળી કરશે જ. પરંતુ જ્યારે તમે તમારા જુવાન સંતાનોને વિજાતીય વ્યક્તિ સાથે બંધ બારણે બેસવા દેશો ત્યારે, કોઈક નાજુક ક્ષણે, તેઓના શરીરમાના હોર્મોન્સ હાવી થઈ જશે અને બધા ખ્રિસ્તી સંદેશાઓ અને શિક્ષણ તથા તેઓને માટે કરવામાં આવેલી પ્રાર્થનાઓ ધ્વસ્ત થઈ જશે. જ્યારે સંતાનો સાથેના વ્યવહારની વાત આવે છે ત્યારે વાલીઓએ ખૂબ જ કાળજી રાખવાની જરૂર છે નહીં તો એક દિવસ એવો આવશે કે તમને અફસોસ થશે કે તમે તમારા પોતાના ઘરમાં જ ખ્રિસ્તી માપદંડો સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયા છો.

**પરણિત યુગલો**

પરણિત યુગલો તરીકે, આપણે આપણાં જીવાનોમાં શુદ્ધતાને જાળવી રાખવાની છે. પતિ પત્નીએ એકબીજાને સમર્પિત રહેવાનુ છે. આપણે ખ્રિસ્તીઓ છે-અજવાળાનાં સંતાનો છીએ!

આપણાં લગ્ન જીવાનોમાં આપણે શારીરિક બાબતોમાં શુદ્ધતા અને પવિત્રતાને જાળવી રાખવાના છે. પતિઓ અને પત્નીઓ, તમારી શારીરિક જરૂરિયાતોની પૂર્તિ માટે તમારે માત્ર ને માત્ર એકબીજા પર જ નિર્ભર રહેવાનુ છે. લગ્ન બહારના સબંધોને સ્પષ્ટ રીતે ના કહી દો. અન્ય લોકો શારીરિક જરૂરિયાતની પૂર્તિ માટે લગ્ન બહાર ફાંફા ભલે મારે, પરંતુ આપણે ભિન્ન છીએ! બાઇબલ કહે છે, "પણ તમે તો પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર પ્રજા તથા [પ્રભુના] ખાસ લોક છો કે, જેથી જેણે અંધકારમાંથી પોતાના આશ્ચર્યકારક પ્રકાશમાં [આવવાનું] આમંત્રણ આપ્યું છે, તેના સદગુણો તમે પ્રગટ કરો" (પિતરનો પહેલો પત્ર 2:9)

મને અને તમને અંધકારમાથી બહાર કાઢીને અજવાળાના લોકો તરીકે જીવવા માટે તેડવામાં આવ્યા છે. બાઇબલ કહે છે કે આપણે પ્રકાશ છીએ અને તેથી આપણે પ્રકાશના સંતાનોને ઘટે તેમ જીવવું જોઈએ. આપણે આપણી આસપાસના જગતના લોકોથી તદ્દન ભિન્ન રીતે જીવવાનું છે. આપણી નોકરીના કે વ્યવસાયના સ્થળે, નોકરિયાત તરીકે, વ્યવસાયી તરીકે, નોકરીદાતા તરીકે, ગૃહિણી તરીકે આપણે આસપાસના લોકોથી તદ્દન ભિન્ન રીતે વર્તન કરવાનું છે અને તેજ અપેક્ષા ઈશ્વર પણ આપણી પાસે રાખે છે. જુવાન પુરૂષ કે સ્ત્રી તરીકે, વાલી તરીકે, પતિ કે પત્ની તરીકે, આપણે ભિન્ન છીએ. આપણે શુદ્ધતા અને પવિત્રતાને વરેલા છીએ અને તે અંગે આપણે કોઈ બાંધછોડ કરી શકીએ નહીં. બાંધછોડ હંમેશા પાપ અને ગુલામી તરફ દોરે છે. જે ક્ષણે આપણે આપણાં જીવનમાં બાંધછોડ કરવાનું શરૂ કરીએ છીએ ત્યારે નક્કી જ છે કે આપણે પોતાને પાપમાં કે ગુલામીમાં કેદ કરવાનું શરૂ કરીએ છીએ.

# : ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા :

ઓલ પીપલ્સ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (૧) આગેવાની મજબૂત કરવી, (૨) યુવાનોને સેવા માટે સંપન્ન કરવા, અને (૩) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહબાગીદર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે અમારી ભારતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.

આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ "ઓલ પીપલ ચર્ચ, બેંગ્લોર" ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરાવી શકો છો.

Account Name: All Peoples Church

Account Number: 0057213809

IFSC Code: CITI0000004

Bank: Citibank N.A., No. 5, M.G. Road, Bengaluru, Karnataka 560001

વિશેષ નોધ: ઓલ પીપલ ચર્ચ ફક્ત ભારતીય બઁકના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યુ છે. વધુ જાણકારી માટે કૃપા કરી અમારી વેબ સાઇટ apcwo.org/give ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.

વધુમાં, અમોને અને અમારી સેવાઓને તમારી પ્રાર્થના યાદ રાખશો. આભાર અને પ્રભુ તમને આશીર્વાદિત  કરે!

# FREE BOOKS

A Church in Revival*
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks*
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change*
Code of Honor
Divine Favor*
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling*
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God*
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife*
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses-Don't Take Them
Open Heavens*
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith *
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus *
The Night Seasons of Life
The Power of Commitment*
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power*
The Wonderful Benefits of speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different*
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

ઉપર દર્શાવેલ અમારા પ્રકાશનો અમારી વેબ સાઇટ apcwo.org/publications. પરથી વિનામુલ્યે ડાઉનલોડ થઈ શકે છે. ઘણા પ્રકાશનો અન્ય ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આપની જરૂરિયાત મુજબના પ્રકાશનો માટે કૃપા કરી bookrequest@apcwo.org પત્ર દ્વારા મંગાવી શકો છો.

*ફક્ત pdf ફોર્મેટ જ ઉપલબ્ધ

આપ અમારી વેબ સાઇટ apcwo.org/sermons. દ્વારા ઑડિયો/વિડીયો તથા ઉપદેશ નોંધ વગેરે મેળવી શકો છો.

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે.......

ઓલ પીપલ્સ ચર્ચ (APC)નું દર્શન છે કે બંગલોર શહેરમાં મીઠું તથા પ્રકાશ અને ભારત અને વિશ્વના દેશો માટે અવાજ બનવું.

ઈશ્વરના વચન સાથે કોઈપણ જાતના સમાધાન કર્યા સિવાય સંપૂર્ણ સ્વરૂપે પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને નિર્દિષ્ટ કરવા APC(ઓલ પીપલ્સ ચર્ચ) સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન માફી, સમકાલીન સેવાકીય તકનીકી પધ્ધતિઓ, નવીનત્તમ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પધ્ધતિને બદલી શકે નહીં. (૧ કોરીન્થી ૨:૪, ૫; હિબ્રુ ૨:૩,૪). અમારો મુદ્દો ઇસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પધ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારું ઝનૂન નાશમાં જતાં લોકો છે, અમારો ધ્યેય ઇસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ્સ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે અમારી વેબ સાઇટ [www.apcwo.org/locations](www.apcwo.org/locations) સંપર્ક કરી શકો છો અથવા contact@apcwo.org પર પત્ર લખી શકો છો.

# શું તમે જાણો છો દેવ તમને પ્રેમ કરે છે?

૨૦૦૦ વર્ષ પેલા આ જગતમાં પ્રભુ માણસ બનીને આવ્યા, તેઓ સંપૂર્ણ અને નિષ્કલંક જીવન(પાપરહિત) જીવ્યા. ઇસુ પોતે શરીરમાં ઈશ્વર હતા તેથી તેમણે જે કહ્યુ ને કર્યું તે દરેક આપણને પ્રગટ કર્યું છે. જે શબ્દો તે બોલ્યા તે દેવના ખરા શબ્દો હતા. જે કૃત્યો તેમણે કર્યા તે દર્શાવે છે કે ઈશ્વર કાર્યરત છે. ઇસુએ આ જગતમાં ઘણા ચમત્કારો કર્યા, તેમણે માંદાઓને સાજા કર્યા, અને દુ:ખીઓના દુ:ખ મટાડ્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓને સાંભળતા કર્યા. બોબડાઓને બોલતા કર્યા અને લંગડાઓને ચાલતા કર્યા. અનેક રોગીઓને તેઓના રોગોમાથી સાજા કરી છુટકારો આપ્યો.

**આ બધા જ પ્રકારના કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે અને તેઓ આપણે સાજા, તાજા, તંદુરસ્ત અને આનંદમય જોવા માંગે છે. દેવ લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે છે.**

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી વિખૂટા પાડી દે છે. પાપ આપણને ઈશ્વરને કે જેણે આપણને સૃજયા છે તેમને ઓખળતા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધા અન્ય બાબતોથી ખાલી જગ્યા ભરવા માટે પ્રયત્ન કરીએ છીએ. પાપનું બીજું એક પરિણામ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમા પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે નર્કમાં લઈ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે આપણે પાપથી છૂટકારો પામીને ઈશ્વર સાથે પુન:સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે, “પાપનો મુસારો મરણ છે, પણ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે.” (રોમન ૬:૨૩) ઇસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે

તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ, તેઓ ત્રણ દિવસ પછી પાછા ઉઠ્યા, ઘણા બધાને બતાવ્યુ કે તેઓ જિવંત છે અને સ્વર્ગમાં પાછા જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને કરુણાના ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છૂટકારાનો માર્ગ પૂરો પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા અનેકોને, પાપથી છોડાવવા અને અનંતકાળીક નાશથી બચાવવા આવ્યા.

પાપની મફત માફી મેળવવા માટે, બાઇબલ કહે છે તે મુજબ આપણે માત્ર એક જ બાબત કરવાની છે-ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીએ અને પૂર્ણ હ્રદયે તેના પર વિશ્વાસ કરીએ.

**....જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." (પ્રે.કૃ. ૧૦:૪૩)**

**"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેણે મુએલામાથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ, તો તું તારણ પામીશ." (રોમન ૧૦:૯)**

જો તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ માફી મેળવીને તમારા પાપોથી શુધ્ધ થઈ શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારા માટે જે કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઇસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુધ્ધ કરવા કેવું અદભૂત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર તમને માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને ભાવના વાપરીને પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, આજે, મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદભૂત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારુ મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને માટે કિંમત ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઈ તમારા પર વિશ્વાસ કરે છે*

તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.

આજે, હું નિર્ણય કરું છુ કે હું તમને પ્રભુ તરીકે  સ્વિકારુ છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરું છુ. હું જાણું છુ કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય કોઈ વ્યક્તિ મને બચાવી શકે એમ નથી. હું મારા પાપોની માફી માટે અન્ય કોઈ ઉપાય કરી શકતો નથી.

આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છુ અને મારા મોંઢાથી કબુલ કરું છુ કે તમે મારા માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસે કરીને મને પાપોની માફી અને શુધ્ધતા મળી છે.


ઇસુ પ્રભુ તમારો આભાર, તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવામાં મને મદદરૂપ થજો. આમેન.

## DOWNLOAD THE FREE APP!

*Search for*
"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play







*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ
## બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર

ઓલ પીપલ્સ ચર્ચ બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર (APC-BC), દ્વારા ભારતના બેંગલોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંકિત નિપૂણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃધ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચનમાં ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય.

APC-BC ખાતે, નિપૂણ શિક્ષણની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઈઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય તેડાને પુર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:

ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C.Th)

ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ (Dip.Th)

ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ (B.Th)

સોમવાર થી શુક્રવાર ૯:00 થી ૧:00 દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. બહારથી અભ્યાસ કરતાં, કાર્યરત વ્યવસાયીઓ અને ગૃહસ્થો પણ તેઓના કામ પૂરા કર્યા બાદ ૧:00 વાગ્યા પછી વર્ગોમાં હાજરી આઓઈ શકે છે અને અભ્યાસ ચાલુ રાખી શકે છે. જેઓ રહેવાસી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવા માંગે છે તેવા પુરુષો અને બહેનો માટે અલગ અલગ છાત્રાલયોની વ્યવસ્થા છે. સપ્તાહના ચાલુ દિવસો દરમ્યાન, ૨:00 થી ૫:00 દરમ્યાન વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક, વિશેષ શિબિરોમાં, બપોર પછીના પ્રાર્થના અને સ્તુતિના કાર્યક્રમોમાં ભાગ લે છે. જેઓ બહારથી અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓએ માટે બપોર પછીના સેશન વૈકલ્પિક રાખવામા આવ્યા છે. શનિવાર અને રવિવારની સ્થાનિક મંડળીઓમાં સેવા આપવા માટે ઉતેજન આપવામાં આવે છે. કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે અને અરજી કરવા માટે કૃપા કરી www.apcwo.org/biblecollege. ની મુલાકાત લેશો.

APC-BC is accredited by the Nations Association for Theological Accreditation (NATA).

તમે અને હું દેવનાં "પોતાના ખાસ લોક" છીએ. જો તમે ખ્રિસ્તી-વિશ્વાસી- વ્યક્તિ છો તો તમે તેને માટે લાયક છો! બાઇબલ કહે છે કે આપણે "પસંદ કરાયેલી પ્રજા, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર દેશ, અને તેના પોતાનાં ખાસ લોક" છીએ કારણ કે આપણે એ દેવને, જેઓ આપણને અંધકારમાથી શાનદાર પ્રકાશમાં લાવ્યા છે તેઓને પ્રગટ કરવા, તેમની સ્તુતિ અને આરાધના કરવા, તેમની શ્રેષ્ઠતા, અદ્ભૂતતા, અને તેમના લક્ષણોને  જાહેર કરવા તથા પ્રકાશિત કરવા માટે તેડાયેલા છીએ.

જેથી જ્યારે લોકો આપણને, ખ્રિસ્તીઓને, જુએ છે ત્યારે તેઓ શ્રેષ્ઠ, ચરિત્રશીલ, સંપૂર્ણ અને અદભૂત દેવને જેમણે આપણને તેડયા છે તેમને જુએ.

તમે અને હું આ પૃથ્વી ઉપર દેવને ઉત્તમ દર્શાવવા માટે જ છીએ.

**આપણે ભિન્ન છીએ!**

આશિષ રાયચૂર



**All Peoples Church & World Outreach**
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org